ગાંધીનગર સમાચાર

સેક્ટર-૨૨ જૈન દેરાસર પાસે વાહનમાંથી દાગીના-રોકડ ભરેલી બેગની ઉઠાંતરી



નગરયાત્રા : સેક્ટર-૨૩ સ્વામિનારાયણ મંદિર દ્વારા ઉજવાઈ રહેલા ભગવત પર્વ અન્વયે યોજાયેલ નગરયાત્રા શહેરના રાજમાર્ગો ઉપર ફરી હતી. યાત્રામાં સામાજિક જાગૃતિના સંદેશ આપતા ટેબ્લો તથા ભક્તિગીતો રજૂ કરતી મંડળીઓ સાથે ભાવિકો મોટી સંખ્યામાં જોડાયા હતા. સમગ્ર માર્ગ ઉપર યાત્રા નિહાળવા માર્ગોની બંને બાજુ નગરજનો ઉમટ્યા હતા.

# જિલ્લામાં ૩૧મીથી રવિ કૃષિ મહોત્સવ

## ૪ જાન્યુઆરી સુધી યોજાનાર મહોત્સવમાં ખેડૂતોને ૭-૧૨ની નકલ આપવામાં આવશે

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર જિલ્લામાં ૩૧ ડિસેમ્બરથી ૪ જાન્યુઆરી દરમિયાન રવિ કૃષિ મહોત્સવ યોજવામાં આવશે. આ માટેની તંત્ર દ્વારા તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે.

૩૧મીએ દહેગામ તાલુકાના પાલૈયા ખાતે, ૧લીએ કલોલમાં ૨જીએ માણસામાં અને ૪થીએ ગાંધીનગરના શિવપુરા કંપા ખાતે આ રવિ કૃષિ મહોત્સવ ઉજવાશે.

મળતી વિગતો પ્રમાણે આ રવિ કૃષિ મહોત્સવમાં જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી રામાજી ઠાકોર, તાલુકા પંચાયતના પ્રમુખશ્રીઓ ઉપરાંત સરકારમાંથી શ્રીમતી ભાવનાબેન દવે, શ્રી કમલેશભાઈ પટેલ, શ્રી ભવાનભાઈ ભરવાડ, ધારાસભ્યો શ્રી અશોકભાઈ પટેલ, શ્રી શંભુજી ઠાકોર, શ્રી બળદવજી ઠાકોર, શ્રીમતી કામીનીબા રાઠોડ તથા શ્રી અમીત ચૌધરી પણ ઉપસ્થિત રહેનાર છે.

આ રવિ કૃષિ મહોત્સવમાં ખેડૂતોને ૭-૧૨ની નકલની કોપી પણ આપવામાં આવનાર છે. આ દિવસે પશુ વંધ્યત્વ નિવારણના ખાસ કેમ્પ પણ યોજવામાં આવનાર છે.

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં ઠંડી ઘટી પરંતુ શીત લહેર હજુ યથાવત

ગાંધીનગર, તા. ૨૫

ઠંડીમાં આજે સહેજ ઘટાડો નોંધાયો હતો અને લઘુત્તમ તાપમાન ૧૦ ડિગ્રી રહ્યું હતું. પરંતુ આખો દિવસ ચાલુ રહેતા સુસવાટા ભર્યા પવનોને કારણે ઠંડીની અસર વધુ વર્તાઈ હતી.

શિયાળાની ઋતુ એકમ જામી છે. ડિસેમ્બર માસના અંતિમ અઠવાડિયામાં ઠંડીનો ચમકારો જોવા મળી રહ્યો છે. લઘુત્તમ તાપમાન ૧૦ ડિગ્રી નીચે રહેતા ગાત્રો થીજવી દેતી ઠંડીનો અહેસાસ થઈ રહ્યો છે. વહેલી સવારે અને રાત્રે આકરી ઠંડીથી બચવા લોકો તાપણાનો સહારો લઈ રહ્યા છે. દિવસ દરમિયાન સતત ફુંકાતા પવનોના કારણે ૨૪ કલાક આકરી ઠંડીનો અનુભવ થાય છે. આજે દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ૨૫ ડિગ્રી જેટલું નોંધાતા દિવસે પણ વસાહતીઓને સ્વેટર-જેકેટ જેવા ગરમ વસ્ત્રો પહેરવાની ફરજ પડી હતી.

# જિલ્લામાં મનરેગા, આવાસ યોજના અને શૌચાલયમાં નબળી કામગીરીથી નારાજગી

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર જિલ્લામાં મનરેગાના અમલમાં લાઈન ડિપાર્ટમેન્ટો દ્વારા દાખવવામાં આવી રહેલી ઉદાસીનતા દૂર કરવાની કડક તાકીદ ગ્રામ વિકાસ એજન્સીના અધ્યક્ષ જિલ્લા વિકાસ અધિકારી શ્રી કૌશિક ભીમજીયાણીએ તાજેતરમાં ગ્રામ વિકાસ એજન્સીની કારોબારી બેઠકમાં કરી હતી.

ગાંધીનગર જિલ્લા પંચાયત ખાતે તાજેતરમાં મળેલી કારોબારી બેઠકમાં એજન્સીની નબળી કામગીરી અંગે પણ સખ્ત નારાજગી જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ વ્યકત કરી હતી.

જિલ્લામાં હાલ ૧૪૦થી વધુ મનરેગા અંતર્ગત કામો ચાલે છે અને તેમાં ૨૩૦૦ જેટલા મજૂરોને રોજી આપવામાં આવી રહી છે. કામોની સંખ્યા અને મજૂરોની સંખ્યામાં વધારો થાય તે રીતે કામો હાથ ધરવામાં આવે તેવી સૂચના લાઈન ડિપાર્ટમેન્ટોને આપવામાં આવી હતી.

મળતી વિગતો પ્રમાણે વનવિભાગ, સિંચાઈ વિભાગ, માર્ગ મકાન વિભાગ દ્વારા રોજગારી નિર્માણના કામો ઓછા હાથ ધરવામાં આવી રહ્યાની વિગતોથી જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ સખ્ત નારાજગી વ્યકત કરી હતી.

જિલ્લામાં શૌચાલય, આવાસ યોજનાના નબળા અમલીકરણ અંગે પણ તેમણે નારાજગી વ્યકત કરી આ માટે નો રોડમેપ તૈયાર કરી લક્ષ્યાંક આધારિત કામગીરી નિયત કરવાનો આગ્રહ કર્યો હતો.

# નિર્દોષ વૃક્ષોને વેદનામાંથી ઉગારવા યુવાનો દ્વારા ખિલ્લા દૂર કરવાનું ઉમદા અભિયાન

## સંસ્કાર ગૃપના યુવાનો દ્વારા વૃક્ષોની વેદના સંવેદનાને ધ્યાને લઈ ખિલ્લા દુર કરવાનુ અભિયાન
## જાહેરખબરના નજીવા સ્વાર્થ માટે નિર્દોષ વૃક્ષોને ખિલ્લા ભોંકતા તત્વો સામે ઘોર નારાજગી

ગાંધીનગર તા ૨૫

સમગ્ર શહેર નાતાલ પર્વની ઉજવણીના રંગે રહેતા નાગરિકોમાં પ્રકૃતિ પ્રત્યે વેદના સંવેદના પ્રગટે અને નિર્દોષ વૃક્ષોને ખિલ્લા ભોંકવાની અમાનુષી હરકતો



રંગાયુ છે.ત્યારે નગરના પ્રકૃતિ પ્રમી યુવાનો દ્વારા નાતાલ નિમિત્તે અનોખી અને નિસ્વાર્થ સેવાનુ અભિયાન હાથ ધરવામાં આવ્યુ છે. ગ્રીન સીટીમાં બંધ કરવાનો મેસેજ આપવા યુવાનોની ટીમ રોજ શહેરના વૃક્ષોને પીડામુકત કરવાનુ ઉમદા કામ કરે છે.

● અનુસંધાન પાન-૭ પર

# આઈ ટી એક્સ્પોથી નગરજનો ટેકનોલાજી અંગે અપગ્રેડ થશે

## નગરમાં ત્રિદિવસીય સ્માર્ટ આઈ ટી એક્સ્પોનો પ્રારંભ : નગરજનોને આઈ ટી ક્ષેત્રની નવી શોધો અંગે એક જ જગ્યાએથી માહીતી મળશે




ગાંધીનગર તા ૨૫

શહેરીજનો આઈ ટી ના લાભોથી માહીતગાર થાય તેમજ એક જ જગ્યાએથી નગરજનોને વિવિધ પ્રોડકટસ તેના ઉપયોગ અને ટેકનોલાજી અંગે જાણકારી મળી રહે તે માટે આઈ ટી એકસ્પો આર્શીવાદરૂપ બની રહેશે તેમ ગુડાના ચેરમેન આશિષ દવેએ જણાંવ્યુ હતુ.સે-૯ ના મેદાનમાં આઈ ટી એસસ્પોને ખુલ્લો મુકતા મહાનુભાવોએ જણાંવ્યુ હતુ કે નગરને સ્માર્ટ સીટી બનાવવાના પ્રયાસો થઈ રહયા છે. ત્યારે આઈ ટી એસસ્પોના માધ્યમથી નાગરિકોને રસપ્રદ માહીતી મળશે.

શહેરમાં સે-૯ના ગરબા મેદાનમાં આજે આઈ ટી એકસ્પોનુ ઉદઘાટન કરવામાં આવ્યુ હતુ. ગાંધીનગર કોમ્પયુટર હાર્ડવેર એસોસિએશન દ્વારા આયોજિત આ સ્માર્ટ આઈ ટી એકસ્પોના પ્રારંભે

● અનુસંધાન પાન-૭ પર

# સેકટર-૨૨ જૈન દેરાસર પાસે વાહનમાંથી દાગીના-રોકડ ભરેલી બેગની ઉઠાંતરી

## ચોરાયેલી બેગ પડોશીનાં ઘરની બહારના ભાગેથી મળી પરંતુ અંદરથી કિંમતી સામાન ગાયબ હતો : પાસબુક, ચેકબુક અને અન્ય કાગળો બેગમાં જ હતા

ગાંધીનગર, તા. ૨૫

શહેરના સેકટર-૨૨ ખાતે રહેતા વૃદ્ધ મોપેડ લઈને જૈન દેરાસર દર્શન કરવા ગયા હતા. ત્યારે તેમના મોપેડમાં લગાવેલી બેગ કઈ શખ્સ ચોરી કરી ફરાર થઈ ગયું હતું. બેગમાં ચેકબુક, પાસબુક, અન્ય અગત્યના કાગળો અને સોનાના પેંન્ડલ, ૨૦૦ ગ્રામ ચાંદી તથા રૂ. ૪૭,૯૦૦ રોકડા પડ્યા હતા. બે દિવસ બાદ વૃદ્ધના પડોશીના ઘર આંગળા નજીકથી ચોરાયેલી બેગ મળી હતી જેમાંથી કિંમતી સામાન ગાયબ હતો અને કાગળો તેમનાંતેમ હતા. વૃદ્ધે સેકટર-૨૧ પોલીસ મથકે જાણવા જોગ નોંધાવી છે.

સેકટર-૨૨ પ્લોટ નં. ૨૩૪ ખાતે રહેતા ચંપકલાલ ચુનીલાલ શાહ ૧૭ ડિસેમ્બરે સાંજે સાડા સાત વાગ્યાના અરસામાં સેકટર-૨૨ જૈન દેરાસરમાં મોપેડ લઈને દર્શન કરવા ગયા હતા. મોપેડ દેરાસરના

● અનુસંધાન પાન-૭ પર

## બેસણું



દિલગીરી સાથે જણાવવાનું કે ગામ- સલાલના રહીશ શ્રી બારૈયા ધવલસિંહ રણજીતસિંહ તથા પરિવારના રામ રામ વાંચશો..
અમારા ભાઈ/ પિતા **શ્રી બારૈયા રણજીતસિંહ ધુળસિંહ** (ડિરેકટર નાગરિક બેંક સલાલ) સંવત ૨૦૭૨ માગશર સુદ-૧૪ (ચૌદશ)ને ગુરૂવાર તા.૨૪-૧૨-૨૦૧૫ ના રોજ અકાળે અવસાન થયેલ છે. પ્રભુને ગમ્યુ તે ખરું
**સદ્‌ગતના સતૂક (બેસણું) :તા.૨૮-૧૨-૨૦૧૫ને સોમવાર સવારે ૯-૦૦ થી બપોરે ૨-૦૦ કલાક સુધી રાખેલ છે.**

**સ્થળ :- મુ.પો. સલાલ, સલાલ સોનાસણ ચોકડી, નેહા.-૮ નર્સરી સામે, તા.પ્રાંતિજ (સા.કાં)**

ધવલસિંહ રણજીતસિંહ બારૈયા (પુત્ર)
પ્રભાતસિંહ અમરસિંહ બારૈયા (ભાઈ) | ચંદનસિંહ અમરસિંહ બારૈયા (ભાઈ)
કેશરીસિંહ અમરસિંહ બારૈયા (ભાઈ) | કાળુસિંહ અમરસિંહ બારૈયા (ભાઈ)
જસપાલસિંહ ભરતસિંહ બારૈયા (ભત્રીજો) | રાજુસિંહ રૂપસિંહ બારૈયા (ભાઈ)
યશપાલસિંહ ભરતસિંહ બારૈયા (ભત્રીજો) | તથા સમસ્ત બારૈયા પરિવાર

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અક્ષી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

## બેસણું



અમારા માતૃશ્રી **ગં. સ્વ. મોતીબેન આત્મારામ પરમારનું** અવસાન તા. ૨૫-૧૨-૨૦૧૫ના રોજ થયેલ છે. સદ્‌ગતનું **બેસણું તા. ૨૭-૧૨-૨૦૧૫ને રવિવાર સવારે ૯ થી ૧૨**ના રોજ રાખેલ છે તેમજ સામાજિક **લૌકિક ક્રિયા તા. ૨૬, ૨૮, ૩૧ ડીસેમ્બર શનિ, સોમ અને ગુરુવાર**ના દિવસે રાખેલ છે.

**સ્થળ : પ્લોટ નં. ૪૬૩/૧, સેક્ટર-૭/બી, પરિમલ એપાર્ટમેન્ટની બાજુમાં, ગાંધીનગર**

**શોકાતુર**

**ઈશ્વરભાઈ આત્મારામ પરમાર** (નિવૃત્ત સંયુક્ત સચિવ, સચિવાલય, ગાંધીનગર)
**નારણભાઈ આત્મારામ પરમાર** (નિવૃત્ત શિક્ષક)
**જશોદાબેન ઈશ્વરભાઈ પરમાર** (નિવૃત્ત નાયબ સેકશન ઓફિસર, સચિવાલય, ગાંધીનગર)
**ઉષાબેન નારણભાઈ પરમાર** (શિક્ષક)
શ્વેતલ આઈ. આનંદ | જીજ્ઞા એસ. આનંદ
ચંદ્રેશ આઈ. આનંદ | અનિતા સી. આનંદ
જીતેન્દ્ર ફરસુરામ પરમાર | કૈલાશ જે. પરમાર
અશ્વિન ફરસુરામ પરમાર | જાગૃતિ એ. પરમાર
બ્રિજેશ એન. અમીન | જ્યોતિકા બી. અમીન
ગૌરાંગ એન. અમીન | અસ્મિતા જી. અમીન
અમૃતલાલ એમ. પરમાર ● મંજુલા અમૃતલાલ પરમાર
સ્વ. સદાભાઈ મોતીભાઈ પરમાર પરિવાર
પ્રિન્સ, કિઆ, આર્ચા

હોટલ પથિકાશ્રમ
પાર્ટી પ્લોટ
લગ્ન પ્રસંગ તથા શુભ પ્રસંગોની ઉજવણી માટેનું ઉત્તમ સ્થળ
• ગુજરાતી થાળી • મલ્ટી ક્યુઝન રેસ્ટોરન્ટ
• કાફે (24x7) • બેન્કવેટ્સ • રૂમ્સ (A.C/Non A.C)
98258 01780/82

ADITYA BIRLA GROUP
લીકેજ–મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૯ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

ગાંધીનગર સમાચાર
વાર્ષિક લવાજમ યોજના અંતર્ગત નોંધાયેલા ગ્રાહકો માટે વિશેષ ઈનામી ડ્રો



તારીખ 3-૧-૨૦૧૬ રવિવાર બપોરે 3.00 કલાકે
સ્થળ : સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સેવા સમાજ ભવન, સેક્ટર-૭, ગાંધીનગર.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT · Kisan · ashirvad · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com